# ધોરણ - ૧૦

# વિષય – ગુજરાતી

# સ્વાધ્યાય

## પાઠ – ૧૪

## જન્મોત્સવ



વિદ્યાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# …ત્સવ



લેખક : સુરેશ જોષી
સાહિત્યપ્રકાર : નવલિકા (ટૂંકીવાર્તા)
સંદર્ભ : 'ગૃહપ્રવેશ' માંથી

-> આનંદ અને કરુણાના પ્રસંગો....

## શબ્દસમજૂતી

કિનખાબ - જરીબુટ્ટાના વણાટનું એક જાતનું કાપડ
તરકીબ - યુક્તિ
સુમસામ - એકદમ શાંત
આશ્રય - આશરો
ઝગઝગિયા દીવા - જેની જ્યોત હલકડોલક થતી હોય તેવા દીવા
કણસવું - દુઃખને લીધે ઊંહકારા કરવા
તુમુલ - દારુણ, ભયાનક
પ્રભાત - સવાર
લિબાસ - પોશાક, પહેરવેશ
પર્વ - તહેવાર, ઉત્સવ
કરામત - કારીગરી
ભીંત - પગથિયું
અકરમી - અભાગિયું

## તળપદા શબ્દો

થિયા - થયા
ભૈઈ - ભાઈ
બચાડી - બચારી
નો'તું - ન હતું, નહોતું
મેલી - મૂકી
કેદા - કદી

મોરે - મોખરે, આગળ
ભાળ - પત્તો, ખબર
કાંઈ - કંઈ
ઈમાં - એમાં
કાઢ્ય - કાઢ
હાંભળહે - સાંભળશે

Scanned with OKEN Scanner

કુણ- કોણ
હોનાના- સોનાના
દુખી- દુ:ખી
ભાળ્યું - જોયું

હારે - સાથે
કાલ્ય - કાલ
હાવ- સાવ

## વિરુદ્ધાર્થી શબ્દો

સવાર x સાંજ

આનંદ x શોક

## સ્વાધ્યાય

1. 1) લાલ કિનખાબનો પડદો ક્યારે ખૂલે તેની રાહ જોઈ રહ્યા હતા કારણ કે...
→ વીજળીની કરામતથી કૃષ્ણજન્મનું દૃશ્ય ઊભું થવાનું હતું.

2) આ પાઠમાં લેખક શું કહેવા માગે છે ?
→ સમાજની બે જુદી જુદી પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરવા માગે છે.

2. 1) હાવ બેઠી ચિરે ઈમ કરવું સે કે પછી લાકડીના ટેકે હાલીને ભીખ માંગે ઈમ કરવું સે? આ વાક્ય કોણ બોલે છે ?
→ હાવ બેઠી ચિરે ઈમ કરવું સે કે પછી લાકડીના ટેકે હાલીને ભીખ માંગે ઈમ કરવું સે ? આ વાક્ય વેલજી ડોસો બોલે છે.

2) ફગફગિયાથી દીવો બુઝાઈ જવાની સાથે બીજી કઈ ઘટના બની ?
→ ફગફગિયાથી દીવો બુઝાઈ જવાની સાથે બાળકનું રુદન બીજી ઘટનારૂપે ગાજી ઊઠ્યું.

Page No.

DATE: / /

3\. 1) અમિતે કૃષ્ણજન્મની કઈ તરકીબ રચી હતી તે જણાવો.

અમિતે વીજળીની મદદથી કૃષ્ણજન્મની તરકીબ રચી હતી. રાત્રીના બાર વાગ્યે કિનખાબનો પડદો ખુલે, આકાશમાંથી તેજનો પુંજ અવતરે એ સાથે ઝબકારો થાય. ત્યાં દેવકીના ખોળામાં બાળક જોવા મળે. કારાગૃહમાં અંધારું પથરાઈ જાય. સાથે જ ઝાલર, મંજીરાં, કાંસા ને શંખનો ધ્વનિ સંભળાય, બિભાસના સૂર વાતાવરણને વધુ આહ્લાદક બનાવે એવી તરકીબ અમિતે રચી.

2) કાનજી અને દેવજી બાળકને લઈને ક્યાં જતા હતા? શા માટે?

કાનજી અને દેવજી બાળકને લઈને, ઘૂંટણસમાં પાણી ઓળંગતા વેલજી ડોસાને ઘેર જતા હતા. વેલજી ડોસા નવજાત શિશુના ટાંટિયા વાળી આપવાનો ધંધો કરે છે. ટાંટિયા વાળવા એટલે બાળકને આજીવન અપંગ કરી દેવું. કાનજી અને દેવજી બાળકના ટાંટિયા વળાવવા જતા હતા.

4\. 1) નિજમંદિરમાં ઊભું કરેલું કૃષ્ણજન્મોત્સવનું દૃશ્ય વર્ણવો.

અમિતે પોતાના ટેક્નોલોજિકલ જ્ઞાનના આધારે વીજળીની તરકીબથી કૃષ્ણજન્મોત્સવનું દૃશ્ય નિજમંદિરમાં ખડું કર્યું હતું. આકાશમાંથી તેજનો પુંજ અવતરતો, દેવકીના ખોળામાં, બાળકરૂપે ઝૂલવા લાગ્યો. એકાએક કાંસા, ઝાલર, મંજીરા ને શંખનો તુમુલ ધ્વનિ થયો. બહાર બેઠેલા રામદીન શરણાઈવાળાએ પ્રભાત નહોતું થયું છતાં પ્રભાતના બિભાસ સૂર છેડ્યા. મુખિયાજીએ તૈયાર કરેલા અન્નકૂટમાં પણ રંગોની યોજના ચતુરાઈપૂર્વક કરી હતી. વસુદેવ કૃષ્ણને લઈને ગોકુળ જવા નીકળ્યા. દેવકી ડૂસકારવા લાગી. આખરે વસુદેવે કૃષ્ણને હળવેકથી છાબમાં મૂક્યા. અંગૂઠો ધાવતા, વટપત્રમાં સૂતેલા ભગવાનના ચહેરા પર ભુવનમોહક હાસ્ય હતું. વસુદેવ કૃષ્ણને લઈ ગોકુળ પહોંચતાં જ કૃષ્ણજન્મોત્સવ શરૂ થયો, જશોદા મૈયાએ કૃષ્ણકુંવરને શણગાર્યા. ગોપાળબાપાના હર્ષોલ્લાસથી વનરાજ ગાજી ઊઠ્યો, સૌને પંચાજીરીનો પ્રસાદ આપ્યો, શરણાઈએ લલિત રાગ છેડ્યો, અમિત ખેલ પૂરો કરી બહાર આવ્યો.

2) નવજાત બાળકની કરુણતા તમારા શબ્દોમાં લખો.

'જન્મોત્સવ' વાર્તામાં સમયના એક જ બિંદુ પર, કૃષ્ણ અને કિસનના જન્મ સંદર્ભે બે પરિસ્થિતિઓનું લેખકે સમાંતર નિર્માણ કર્યું છે. કૃષ્ણજન્મ વખતે

Scanned with OKEN Scanner

આનંદ ને ઉલ્લાસ છે, કિસનના જન્મ વખતે કરુણા ને મજબૂરી છે. કિસનને લઈને કાનજી અને દેવજી વરસાદનાં પાણી ડહોળતાં અંધારી રાતે વેલજી કોઢાને ત્યાં જાય છે. વેલજી કોઢો, કિસનના ઘૂંટણ મચકોડીને અપંગ બનાવે છે. કાનજી અપંગ કિસનનો ભીખ માગવાના સાધન તરીકે ઉપયોગ કરવા માગે છે. બાળકની ચીસ તેમજ કરુણ રુદન કોઈના હૃદયને સ્પર્શતાં નથી. કિસનની માતા માણેકની લાચારી અને પીડા વધારે હૃદયદ્રાવક છે. કાનજી આંધળો છે, દીકરો અપંગ છે, દારુણ ગરીબી છે, ભીખ માગવા નિર્દોષ બાળકને અપંગ કરે છે. એક બાજુ કૃષ્ણજન્મનો ઉત્સવ છે, પંચાજીરીનો પ્રસાદ વહેંચાય છે, અન્નકૂટ ભરાય છે. બીજી બાજુ કિસનનો જન્મ છે, બે કોળિયા ધાન માટે સગા દીકરાને સાધન બનાવ્યું છે. જીવનની કેવી કરુણા !

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર  ૨. વિદ્યાર્થી  ૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN શિક્ષણ સાગર APPLICATION